' જિનાગમકથાસંગ્રહ '

કાનજીભાઈ પટેલ

' જિનાગમકથાસંગ્રહ ' એક સંકલન છે અને સંકલન (compilation) પરથી સંકલનકર્તાની લેખક તરીકેની વિદ્વત્તાનો ખ્યાલ ન આવી શકે. પણ તેમની ફિલસૂફી–જીવનદૃષ્ટિ અને કાર્યપદ્ધતિનો જરૂર ખ્યાલ આવી શકે. પ્રકૃતિથી એકદમ સરળ, ઉદાર અને ચિંતનશીલ, આકૃતિએ સૌમ્ય એવા પૂ. પંડિત બેચરદાસજીની સામાજિક અને ધાર્મિક રૂઢિઓના બંધનમાં જકડાઈ ન રહેવું, હાથ પર લીધેલા કામમાં મક્કમતાથી આગળ વધવું, લીધેલું કામ પૂરી શ્રદ્ધા અને શક્તિથી પાર પાડીને જંપવું, મૂળભૂત સિદ્ધાન્તો અને નીતિ-નિયમોની બાબતમાં બાંધછોડ ન કરવી—એ ફિલસૂફી રહી છે. ' જિનાગમકથાસંગ્રહ 'ની કથાઓની પસંદગીમાં આ ફિલસૂફીએ ભાગ ભજવ્યો હોય તેમ તે કથાઓનું વસ્તુ જોતાં લાગે છે.

મૂળકથાઓ અને સૂક્તિઓ ઉપરાંત આ સંગ્રહમાં પ્રસ્તાવના, અનુક્રમણિકા, પ્રાકૃત ભાષાનો પરિચય, પ્રાકૃતનું વ્યાકરણ, ટિપ્પણો અને શબ્દકોશ આપવામાં આવ્યાં છે. આ સંપાદનમાં એમનું કયું દૃષ્ટિબિંદુ રહ્યું છે એ પણ ટૂંકી પ્રસ્તાવનામાં પંડિતજીએ સ્પષ્ટ કર્યું છે. પ્રાકૃત ભાષાના અભ્યાસને સુગમ બનાવવા તેમણે મનોરંજક અને બોધપ્રદ કથાઓની પસંદગી કરી છે અને એથી પ્રાચીન આગમપાઠોનો માત્ર શબ્દશઃ સંગ્રહ ન કરતાં તે પાઠોને વિદ્યાર્થીઓની દૃષ્ટિએ પરિષ્કૃત કર્યા છે.

પ્રાકૃત કથાઓ વાંચતાં પહેલા વ્યાકરણનો કંઈક પરિચય થાય એ ઉદ્દેશથી પ્રારંભમાં પ્રાકૃત-ભાષાનો પરિચય અને ત્યારબાદ પ્રાકૃત ભાષાનું વ્યાકરણ આપ્યાં છે, જે એમની વ્યાકરણ તરફની વિશેષ અભિરુચિ છતી કરે છે. પ્રાકૃત ભાષાના પરિચયમાં પ્રથમ પ્રાકૃત ભાષાના સ્વરૂપનો પરિચય આપ્યો છે. જે લોકો પ્રાકૃતને સંસ્કૃતમાંથી ઊતરી આવેલી કે સંસ્કૃતને પ્રાકૃતમાંથી ઊતરી આવેલી માને છે તેમનો ભ્રમ ભાંગવા કેટલીક દલીલો રજૂ કરી છે. જૈન આર્ષ પ્રાકૃત અને બૌદ્ધ પ્રાકૃત યા પાલિનો પારસ્પરિક સંબંધ સ્પષ્ટ કર્યો છે. **पालि** શબ્દની વ્યુત્પત્તિની બાબતમાં તો પંડિતજીએ એક નવો જ વિચાર મૂક્યો છે. આચાર્ય બુદ્ધઘોષે મૂળ ત્રિપિટક યા બુદ્ધવચનના અર્થમાં ' પાલિ ' શબ્દનો પ્રયોગ કર્યો છે. તેને આધારે આધુનિક વિદ્વાનોએ ' **पालि** 'ની નિરુક્તિની બાબતમાં વિભિન્ન મત દર્શાવ્યા છે. ભિક્ષુ જગદીશ કાશ્યપને મતે **पालि** એ **परियाय**નું સંક્ષિપ્ત રૂપ છે (**परियाय-पलियाय पालियाय-पालि**). ભિક્ષુ સિદ્ધાર્થને મતે **पालि या पाळि** શબ્દનો મૂળ આધાર સંસ્કૃત શબ્દ '**पाठ**' છે. પં. વિધુશેખરે જણાવ્યું છે કે **पालि** શબ્દનો અર્થ પંક્તિ છે કે જે સંસ્કૃત **पालि** શબ્દનો પર્યાયવાચી છે. જર્મન વિદ્વાન ડૉ. મેક્સ વેલેસરે **पाटलि** યા **पाडलि** (પાટલિપુત્રની ભાષા)નું સંક્ષિપ્તરૂપ પાલિ બનાવ્યું છે. કેટલાક વિદ્વાનોએ **पल्लि** (ગામ) શબ્દને આધારે પાલિ શબ્દની વ્યુત્પત્તિ બતાવી છે. પંડિતજીએ પાલિ શબ્દ અંગેના આ વિવાદનો સ્વીકાર કર્યો છે અને **पयडी** શબ્દ ઉપરથી તદ્ધિતાન્ત **पायडी** શબ્દ અને તે ઉપરથી ' પાલી ' શબ્દ ઊતરી આવ્યાની કલ્પના કરી છે. તેમનો આ વિચાર નવીન અને સંશોધનદૃષ્ટિની સૂઝનો દ્યોતક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્ય હેમચંદ્ર વગેરેએ પ્રાકૃતની વ્યુત્પત્તિ બનાવતાં '**प्रकृतिः संस्कृतम्**' ઇત્યાદિનો જે ઉલ્લેખ કર્યો છે તે બાબતમાં પણ પંડિતજીએ મૌલિક વિચાર રજૂ કરતાં જણાવ્યું છે કે પ્રાકૃત ભાષા શીખવા માટે સંસ્કૃત શબ્દોનો આધાર લઈ, તેની સાથે ઉચ્ચારણ ભેદને લીધે જે સામ્ય-વૈષમ્ય છે તે બતાવવા પ્રાકૃત વૈયાકરણોએ પોતાના વ્યાકરણોની રચના કરી છે. એટલે કે, સંસ્કૃત ભાષા દ્વારા પ્રાકૃત શીખવવાનો એમનો અભિગમ રહ્યો છે. એ દૃષ્ટિએ એમણે સંસ્કૃતને પ્રાકૃતનો આધાર કહ્યો છે એમ માનવું જોઈએ. મૌલિક રીતે વિચારવાની દૃષ્ટિ અને પોતાની માન્યતા નિર્ભિક રીતે રજૂ કરવાની હિંમત એ સંશોધકનું લક્ષણ અહીં જોઈ શકાય છે.

'જિનાગમકથાસંગ્રહ'માં આર્ષ અને લૌકિક બન્ને પ્રકારના પ્રાકૃતના શબ્દપ્રયોગો છે. પણ પંડિતજીએ અહીં જે વ્યાકરણ આપ્યું છે તે વ્યવહારુ અને પ્રારંભિક અભ્યાસીને ઉપયોગી થવા પૂરતું જ છે. પ્રાકૃત ભાષામાં પ્રવેશ કરવા વર્ણવિકારના નિયમ, નામ અને ધાતુના સાધારણ રૂપાખ્યાન અને કૃદંતના ખાસ ખાસ ઉદાહરણ આપ્યાં છે. એટલે કે આ વ્યાકરણ શાસ્ત્રીય નહીં પણ કથાઓ સમજવા સહાયભૂત થવાય તેટલું સાધારણ છે.

જે જે ગ્રંથોમાંથી કથાઓ અને સૂક્તિઓ લેવામાં આવ્યાં છે તે બધાના નામોનો તે તે સ્થળે ઉલ્લેખ કર્યો છે. પણ આ ગ્રંથોનો સંક્ષિપ્ત પરિચય આપી શકાયો હોત તો પ્રારંભિક અભ્યાસીને વિશેષ ઉપયોગી બનત એમ લાગે છે. મૂળ વિભાગ પછી આપેલાં ટિપ્પણો અભ્યાસીને વ્યુત્પત્તિ તેમજ શબ્દ અને શબ્દાર્થના ક્રમવિકાસનો ખ્યાલ આપે છે. છેલ્લે ઉપયુક્ત શબ્દોનો કોશ આપવામાં આવ્યો છે.

'જિનાગમકથાસંગ્રહ' માં ૩૨ કથાઓ અને સૂક્તિઓનો સંગ્રહ છે, જેમાં જ્ઞાતાધર્મકથાની પાંચ કથાઓ અને વસુદેવહિંડીની ૪ કથાઓ વિશેષ ધ્યાન ખેંચે છે. ઉપદેશપદ, ઉપાસકદશા, દશવૈકાલિકવૃત્તિ અને આવશ્યકવૃત્તિમાંથી બબ્બે કથાઓ અને નિરયાવલીમાંથી એક કથા લેવામાં આવી છે. વિવિધ વિષય અને વિચારને લગતી સૂક્તિઓ મુખ્યત્વે '**वज्जालग्गं**' માંથી લેવાઈ છે. કુમારપાળપ્રતિબોધ, પઉમચરિય, સન્મતિતર્ક અને ઉત્તરાધ્યયનસૂત્રમાંથી એક એક સૂક્તિસમૂહ લેવામાં આવેલ છે. આ બધી કથાઓ અને સૂક્તિઓ માત્ર જૈન આગમોમાંથી લેવાયેલ નથી. એથી શીર્ષકની યથાર્થતા અંગે પ્રશ્ન થવો સ્વાભાવિક છે. પણ પંડિતજીએ બહુ વ્યાપક અર્થમાં આ શીર્ષકનો પ્રયોગ કર્યો હોય એમ લાગે છે. આપ્ત પુરુષનું વચન એ આગમ છે. તીર્થંકર અને સર્વજ્ઞ ભગવાન આપ્ત છે. તેમનો ઉપદેશ અને વાણી જિનાગમ છે. શ્રુતજ્ઞાની અને દશપૂર્વી સ્થવિરો જે કંઈ કહે કે લખે તેનો જિનાગમ સાથે કોઈ વિરોધ ન હોઈ શકે, તેથી તેમના ગ્રંથ પણ આગમ અંતર્ગત ગણાય. સ્થવિરોએ પોતાની પ્રતિભાને આધારે કોઈ વિષય પર આપેલ સંમતિ કે મુક્તકોનો પણ આગમોમાં સમાવેશ થાય. આમ મુખ્યરૂપે જિનોનો ઉપદેશ અને વાણી જૈનાગમ છે, ગૌણરૂપે તેનાથી અનુપ્રાણિત અન્ય ગ્રંથ પણ આગમ છે આ વ્યાપક અર્થમાં મૂળ જૈન આગમો, તેની નિર્યુક્તિ આદિ ટીકાઓ, આગમોના વિષયને આધારે રચાયેલા વસુદેવહિંડી, ઉપદેશપદ જેવા બોધપ્રદ કથાગ્રંથો અને આગમ વચનોને અનુમોદન આપતા અન્ય સ્વતંત્ર ગ્રંથો કે સૂક્તિસંગ્રહો આગમો ગણાય. એમાંથી લેવાયેલ કથાઓ અને સૂક્તિઓના સંગ્રહને પંડિતજીએ એમની રીતે 'જિનાગમકથાસંગ્રહ' નામ આપ્યું છે.

મૂળ આગમોમાંથી લીધેલી કથાઓ ધાર્મિક નહીં પણ સામાજિક અને નૈતિક બોધકથાઓ છે. લોકોના ચારિત્ર–ઘડતર માટે આ કથાવસ્તુ પ્રેરક બને એ જીવનદૃષ્ટિથી એમણે આગમોની આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કથાઓને પસંદ કરી સંગ્રહમાં સ્થાન આપ્યું હોય એમ લાગે છે. આ વસ્તુ રજૂ કરવા પ્રસ્તુત સંપાદનમાંથી કેટલીક કથાઓ વિશે અહીં ચર્ચા કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

'**रोहिणीए दक्खत्तणं**' મૂળ આગમમાં ભલે પાંચ વ્રતને લગતી કથા હોય પણ સંપાદકની દૃષ્ટિ તો ગૃહસ્થ જીવનમાં કુટુંબના વડાની ફરજ તરફ અંગુલિનિર્દેશ કરવાની હોઈ શકે એવો સંભવ છે. કુટુંબની બધી વ્યક્તિઓની કામ કરવાની ક્ષમતા અને તેમની રુચિ એકસરખી ન હોય. કુટુંબનો વડો સમજુ હોય તો એવું આયોજન કરે કે દરેકને પોતાની રુચિ અને શક્તિ પ્રમાણેનું કામ મળે. કુટુંબની કાર્યક્ષમતા વધારવા અને તેને એકસૂત્રે બાંધી રાખવા આમ થવું જરૂરી છે. આવી સૂઝનો અભાવ એ અત્યારે તૂટતી સંયુક્ત કુટુંબની પ્રથાના અનેક કારણોમાંનું એક કારણ હોઈ શકે.

'**दुवे कुम्मा**' એ માત્ર બે કાચબાઓની કથા નથી. પણ સંયમી અને સ્વભાવે ચંચળ એવી બે વ્યક્તિઓની કથા છે. માણસ હાથ પર લીધેલ કામમાં સંશય રાખે અને શ્રદ્ધા વગર કામ કરે તો તે કેટલું કારગત નીવડે ? '**संसयप्पा विणस्सइ**'ની પસંદગીમાં સંપાદકની આ દૃષ્ટિ કામ કરી ગઈ હોય તો નવાઈ નહીં.

પોતાના ખૂની તરફ ઉદારભાવ (બીજા ભવમાં) રાખવો (**कमलामेला**), એકના એક પુત્રને મારનાર વિજય ચોર જેવાને ક્ષમા આપી તેને સહાયભૂત થવા તત્પર રહેવું એ કંઈ નાનીસૂની વાત છે ? આવું કોણ કરી શકે ? ક્ષમાની સાક્ષાત્ મૂર્તિ. પણ જે સમાજમાં આવાં ઉજ્જવળ રત્નો હોય ત્યાં વિજય જેવા ચોરનું શું સ્થાન ? આવા સમાજનું નિર્માણ કેમ ન થઈ શકે ? મેઘાણીની 'દીકરાનો મારનાર' કથા સાથેના સામ્યનો ઉલ્લેખ અત્રે અપ્રસ્તુત નહીં ગણાય.

વસુદેવહિંડી અને ઉપદેશપદ જેવા ગ્રંથોમાંથી જે કથાઓ પંડિતજીએ પસંદ કરી છે તે વ્યાવહારિક બોધ ઉપરાંત તેમની રમૂજવૃત્તિની પરિચાયક છે. 'જેવા સાથે તેવા' કે 'ઈંટનો જવાબ પથ્થરથી આપવો' એવા વ્યવહારમાં '**हत्थदोपालियं नेमि**' કહીને ધૂર્તની પત્નીનો હાથ પકડીને ગામડાનો ગાડાવાળો ચાલવા માંડે કે દરવાજામાંથી ન નીકળે એવા એટલે કે બહુ જ મોટા લાડુની અપેક્ષા રાખીને બેઠેલા ચતુર શહેરીને બે પૈસાની લાડુડીથી નિરાશ થવાનો પ્રસંગ આવે તો કેવી રમૂજ થાય ? ઈશ્વરે મનુષ્યને આપેલી બુદ્ધિના પ્રપંચાત્મક ઉપયોગ તરફનો કટાક્ષ આ વાર્તાઓ દ્વારા પ્રગટ થાય છે.

જીવનમાં ગમે તેવા ઉમદા કામ માટે પણ સાધનશુદ્ધિનો વિવેક ન જાળવનારની '**जामाउय-परिक्खणं**'માંની ત્રીજી પુત્રી જેવી દશા થાય. આજે પણ એવી ઘણી માતાઓ કુટુંબમાં પોતાની પુત્રીનું વર્ચસ્વ સ્થપાય તે જોવા માગતી હોય છે, એ માટે પુત્રીઓના વૈયક્તિક જીવનમાં પણ ડખલ કરે છે. પણ ઘણી માતાઓને નિરાશ થવું પડે છે. તેમને પાપે પુત્રીને ચાબૂકના ફટકા ખાવાનો પ્રસંગ પણ આવે. છેવટે હારી-થાકીને શિખામણ આપવી પડે કે "**जहेव देवस्स वट्टिज्जासि तहेव पइणो वट्टिज्जासि।**"

બાળપણમાં માના ગુમાવનાર બાળકની શી દશા થાય છે તેનાથી કોઈ અજાણ નથી. **नडपुत्तो रोहो** એવી એક સામાજિક કથા છે જે આજના કુટુંબ જીવનના પાસા પર પ્રકાશ ફેંકે છે. અપર-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માતા સાવકાપુત્રને માતાનો સ્નેહ આપે તેવું સમાજમાં ભાગ્યે જ જોવા મળે. ફરી લગ્ન કરનાર પિતા પોતાના વ્યવસાયમાં ગળાબૂડ હોય કે નવી પત્નીના સ્ત્રી-ચરિત્રથી અજાણ હોય તો બાળકને પિતાનો સ્નેહ પણ ન મળે. આવા સંજોગોમાં જો બાળક ચતુર હોય તો નટપુત્ર રોહની જેમ માતાની સાન ઠેકાણે લાવી ધાર્યું કામ કઢાવી શકે. જો એમ ન થઈ શકે તો બાળકનો શારીરિક અને માનસિક વિકાસ રૂંધાઈ જાય.

સ્ત્રી-પુરુષના અનૈતિક સંબંધમાં માત્ર સ્ત્રીઓને જ જવાબદાર માનવાની શૈલી ઠેઠ સૂત્રકાળથી આજ સુધીના સાહિત્યમાં એક સરખી રીતે ચાલી આવી છે. એકાદ સ્ત્રીનો દાખલો લઈ આખી સ્ત્રી જાતિની નિંદા કરવી કેટલી યુક્તિ-સંગત ગણાય? સ્ત્રી-જાતિની નિંદા કરનારા એ ભૂલી જાય છે કે આવા દાખલાઓ તો સ્ત્રીઓ કરતાં પુરુષોમાં વધારે જોવા મળે છે. તો ઉક્ત ન્યાયે પુરુષ-જાતિની નિંદા કેમ નહીં? વળી, સમાજમાં જેમ શીલવાન પુરુષો હોય છે તેમ દેવવંદ્ય અને પુરુષવંદ્ય થઈ ગઈ હોય તેવી શીલવ્રતી નારીઓના દાખલા ઇતિહાસમાં ઓછા નથી. એ ન્યાયે આખી સ્ત્રી-જાતિની પ્રશંસા થવી જોઈએ. પણ પુરુષ-પ્રધાન સમાજમાં સાહિત્ય-નિર્માણ પણ પુરુષોને હાથે થયું છે. એટલે સ્ત્રીઓના સ્વભાવની કેટલીક નિર્બળતાઓનો સ્વીકાર કરીએ તો પણ ઉપરોક્ત બાબતમાં તો સ્વ-જાતિ તરફનો પક્ષપાત જ જણાય છે. **भारियासीलपरिक्खा**માં કેવળ આ જ માન્યતા સામેના ગેરવ્યાજબીપણા વિશે વાત કરવામાં આવી છે. લગ્ન પછી પણ ૧૨-૧૨ વર્ષ સુધી એકાકી જીવન જીવતી ધનશ્રી જેવી એવી ઘણી સ્ત્રીઓ હશે કે જે પર-પુરુષના નામ માત્રથી પણ છેડાઈ જાય. શીલને ડાઘ ન લાગે તે માટે ખૂન કરવાની હદે જવું પડે તો તે માટે પણ તૈયાર હોય તેવી સ્ત્રીઓ આજે પણ જોવા મળશે. સામે પક્ષે જેને સમાજ પૂજનીય અને વંદનીય ગણે છે તેવા સંન્યાસીની ચારિત્ર્ય-હીનતાનાં દર્શન થાય છે. આ કથામાં સામાજિક પાખંડ અને પ્રથા ઉપરનો વ્યંગ છતો થયો છે.

વડીલો તરફ ભક્તિભાવ રાખવો જોઈએ. પણ ગુરુપત્નીનું માન રાખવા, તેમના તરફ આદર દાખવવા રાજા વસુ અન્યાયનો પક્ષકાર બને અને અસત્યનો આશરો લે તો ધર્મરાજાના રથની જેમ આકાશમાં અધ્ધર રહેતુ તેનું સિંહાસન પણ જમીન પર પટકાય તેમાં શી નવાઈ? ગુરુપત્ની તરફ ભક્તિભાવ રાખવો જોઈએ પણ તે કોઈને ભોગે કે અસત્યને શરણે જઈને નહીં.

જીવનમાં ધનનું મહત્ત્વ છે. એ માટે સંઘર્ષ પણ કરવો પડે. પણ ધન અને સ્નેહ કે ધન અને કર્તવ્ય વચ્ચે પસંદગી કરવાનો પ્રસંગ આવે તો શું કરવું? વ્યવહાર-જગતમાં ધન ગમે તેટલું ઉપયોગી હોય પણ તે સ્થૂળસંપત્તિ છે, સાચી સંપત્તિ તો સૂક્ષ્મ સ્નેહસંપત્તિ છે. અને એનો મહિમા વિશેષ છે. '**जीवणोवायपरिक्खा**'માં વાત્સલ્યથી છલકાતું આવી એક સાચી માતાનું હૃદય ધનના ઢગલાને લાત મારવા પ્રેરે છે.

સંસારમાં અનિષ્ટ તત્ત્વો છે તો સારપ પણ છે. શું ગ્રહણ કરવું તે વ્યક્તિના વશની વાત છે. કાગડાઓ જેવા કૃતઘ્ની માણસો (**कयग्घा वायसा**) છે, તો નાના શા ઋણમાંથી મુક્ત થવા જીવનની આહુતિ આપવા તત્પર કૌશાંબીના ચિત્રકાર જેવા કૃતજ્ઞ માણસો પણ છે (**सुरप्पिओ जक्खो**). માટે કોઈ રડ્યા-ખડ્યા દાખલાને આધારે માણસાઈ પરની શ્રદ્ધા ગુમાવવાનું ન પોષાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'**जन्नस्स समुप्पत्ती**' અને '**पिउकिच्चविचारो**' જેવી કથાઓ ધાર્મિક અંધશ્રદ્ધાઓ અને માન્યતાઓ તરફ લાલબત્તી ધરે છે. પશુબલિ આપનાર વ્યક્તિ એ જાણતી નથી કે તે જીવ પૂર્વ-જીવનમાં પોતાનો કોઈ સ્વજન હોઈ શકે.

છેલ્લે, આ સંગ્રહમાં જે સૂક્તિ-સમૂહોને સ્થાન આપવામાં આવ્યું છે તે જીવનોપયોગી છે. આદર્શ મૈત્રી, જીવનમાં સાહસનું મહત્ત્વ, અદીન બનીને જીવવું, નીતિપૂર્વક ચાલવું, ધીરજ ધરવી વગેરેને લગતી સૂક્તિઓ સ્થૂળ રીતે વ્યવહારને ઘડનારી અને સૂક્ષ્મ રીતે માણસના શીલને ઘડનારી છે. આ સૂક્તિઓ વિધેયાત્મક અને નિષેધાત્મક બન્ને પ્રકારની છે.

ગાંધીવાદી વિચારસરણીમાં મનુષ્ય, મનુષ્યત્વ અને સમાજજીવન કેન્દ્રસ્થાને છે. ચારિત્રવાન માણસોના ઘડતરથી સમાજ સંપન્ન બને. એ માટે માણસની સદ્વૃત્તિઓ પર શ્રદ્ધા રાખીને માણસે પોતે નીતિના માર્ગે ચાલવું જોઈએ. આ ગાંધીવાદી વિચારસરણીને વરેલા પંડિત બેચરદાસજીએ '**जिनागमकथासंग्रह**' માં જાણે તેમના વિચારોનું પ્રતિબિંબ પડતું હોય તેવી વૈયક્તિક અને સામાજિક જીવનને સ્પર્શતી કથાઓ પસંદ કરી છે એવું મને તો આ કથાઓનું વસ્તુ જોતાં લાગે છે. કથાઓનાં જે શીર્ષક આપવામાં આવ્યાં છે તે પણ કદાચ આ વિચારને અનુમોદન આપે છે. કેટલાક શીર્ષક તો સંપાદકે પોતાની રીતે આપ્યાં છે. એટલે કથાઓના શીર્ષકની બાબતમાં પણ મને એમ લાગે છે કે સંપાદકની વિચારસરણીની જાણે-અજાણે અસર પડી છે.

'**जिनागमकथासंग्रह**'ની કથાઓ અને સુક્તિઓની પસંદગીમાં પૂ. પંડિત બેચરદાસજીની ફિલસૂફીએ ભાગ ભજવ્યો છે એમ જણાવી આ વિદ્યાપુરુષ–ઋષિને જ્ઞાનાંજલિ અર્પવાનો મારો અહીં નમ્ર પ્રયાસ છે એટલું જણાવવાની રજા લઉં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org